# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

પો.બો. નં. ૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ. ગુ.) ૩૮૪૨૬૫

ફોન નં. (૦૨૭૬૬ ) ૨૩૭૦૦૦ ફેકસ નં. (૦૨૭૬૬) ૨૩૧૯૧૭


નં. પરી / ખાનગી / ઈમેલ / ૨૦૨૪

તા. ૩૧ / ૦૧ / ૨૦૨૪

પ્રતિ,

અધ્યક્ષશ્રીઓ, આચાર્યશ્રીઓ તથા કો–ઓર્ડીનેટરશ્રીઓ

હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી તમામ ભવન તથા સંલગ્ન કોલેજ

**વિષય :– ABC IDની વિગતો બાબત.**

શ્રીમાન,

યુ.જી.સી. ધ્વારા ભારત સરકાર અને રાજય સરકારે અમલમાં મુકવામાં આવેલ Digi Locker સાથે સંકળાયેલ National Academic Depository (NAD)માં તમામ વિદ્યાર્થીઓનો રેકર્ડ અપલોડ કરવા યુનિવર્સિટીને જણાવેલ છે. આથી યુનિવર્સિટી ધ્વારા વખતોવખત પરીપત્રરૂપે તમામ કોલેજોને તથા વિદ્યાર્થીઓને ABC ID બનાવવા સુચના આપવામાં આવેલ. જેનાથી આપ સર્વે સારી રીતે વાકેફ છો.

ઉપરોકત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, માર્ચ–જુન, ૨૦૨૪ની પરીક્ષાઓના આવેદનપત્રો ભરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. જેમાં તમામ વિદ્યાર્થીઓના પરીક્ષાના આવેદનપત્રો ભરવાની સાથે વિદ્યાર્થીઓના ABC ID અને આધાર કાર્ડ પ્રમાણે નામ ફરજીયાત દર્શાવવાનું જણાવેલ છે. કોલેજો ધ્વારા ભરવામાં આવતા વિદ્યાર્થીઓના ABC IDમાં કોઈ ભુલ હશે અને NAD પોર્ટલમાં રેકર્ડ સુસંગત નહી થાય તો તેની સંપુર્ણ જવાબદારી સંબંધિત કોલેજ તથા વિદ્યાર્થીની રહેશે.

ટેકનીકલ કારણોસર વિદ્યાર્થીઓના ABC ID ન બની શકયા હોય તો માત્ર તેવાં જ વિદ્યાર્થીઓના ફોર્મ મેન્યુઅલ ભરી તથા ફી પણ મેન્યુઅલ ચલણ ધ્વારા ભરી યાદી સાથે પરીક્ષા વિભાગમાં જમા કરાવવાના રહેશે.

વધુમાં માર્ચ–જુન, ૨૦૨૪ની પરીક્ષાઓના પરીણામ જાહેર થયા બાદ માર્કશીટમાં ABC ID પ્રિન્ટ કરવામાં આવનાર છે. આથી ભવિષ્યમાં વિદ્યાર્થીઓ ધ્વારા ABC ID નહી બનાવવામાં આવેલ હોય અને કોલેજ ધ્વારા ખોટા ABC ID નાખવામાં આવેલ હશે અને તે અંતર્ગત કોઈપણ સમસ્યા પેદા થશે તો તેની જવાબદારી સંબંધિત કોલેજ તથા વિદ્યાર્થીની રહેશે. જેની સર્વેએ નોંધ લેવી.

આભાર સહ

આપનો વિશ્વાસુ

(મિતુલ એમ. દેલીયા)

પરીક્ષા નિયામક